
# પ્રત્યંચા



સુરેશ હ. જોષી

# પ્રત્યંચા

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વઃ કાવ્ય

સુરેશ જોષી

પ્રત્યંચા Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| મુખપૃષ્ઠ | ix |
| પ્રત્યંચા | xi |
| ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | xii |
| સર્જક-પરિચય | 1 |
| પ્રથમ પ્રકાશન | iv |
| - | 5 |
| પ્રાર્થના | 6 |
| સવાર | 7 |
| પાંખડી | 8 |
| લહરી | 10 |
| ગ્રીષ્મની બપોર | 12 |
| સૂર્ય અને ચન્દ્ર | 14 |

થોડાંક ફૂલ 15

પ્રણયીની ચાટુ ઉક્તિ 18

સન્દિગ્ધતા 20

શી રીતે? 22

કપોલકલ્પિત 24

નક્ષત્રોદય 25

હઠ 26

તારો પત્ર 28

હું 29

સૂર્યા 30

અમારું ઘર 32

રોજ રાતે – 35

હું સાંભળું છું – 36

ચાર અન્ધકાર 37

ત્રિજ્યા 40

બિન્દુ 41

એ નાનું શું બિન્દુ – 42

ચૈત્રરાતે 44

લાગટ હેલી પછી તડકો 45
ચાર વિડમ્બના 46
પ્રલય 51

# મુખપૃષ્ઠ

મુખપૃષ્ઠ



# પ્રત્યંચા

## પ્રત્યંચા

**સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: કાવ્ય**

સુરેશ હ. જોષી

**સંકલન: શિરીષ પંચાલ**

# ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for

allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# પ્રથમ પ્રકાશન

C સૌ. ઉષા જોષી

આવરણ ડિજિટલ કોલાજ: ગુલામમોહમ્મદ શેખ કમ્પ્યૂટર સહાયક: સુખદેવ રાઠોડ
આવરણમાં ઉપયોગમાં લેવાયેલી છબિઓ ઉષા જોષી પરિવારના સૌજન્યથી

-

હસી શકે તો હસજે જરા વધુ
કરી લઉં સંચિત હું ઉરે મધુ

# પ્રાર્થના

જાણું છું કે
કદી કદી શબ્દો મારા કપૂરની પેઠે
પ્રજ્વળીને ગન્ધરૂપે તારા ભણી વહે;
તો કદીક મન્દિરના કળશની પાસે
ધજા બની ફરફર ફરકવા ચાહે;
સૂર્યોન્મુખ કળી જેમ વળી ભોળપણે
તારા ભણી મીટ માંડી રહે;
કે કેવળ શ્રુતિસુખ કાજે
હળીભળી તારું નામ રચે –
રખે એથી ફુલાઈ તું
તારા અસ્તિત્વની ભ્રાન્તિ
સાચી માની રાચે.

# સવાર

પંતુજીની દૃષ્ટિએ

આજે સવારે બેઠી નિશાળ,
પવન ઘુંટાવે અક્ષર ઝાલી મધુમાલતીની ડાળ.

હારબંધ આ કબૂતર ગોખે
ગઈ કાલનો પાઠ ઝરોખે;
સવારનો આ ચન્દ્ર રાંકડો –
ધ્રૂજતે હાથે લખેલ આંકડો!
સૂર્યકિરણની દોરી રેખા
કોણ, કહોને, માંડે લેખાં?

આજ સવારે બેઠી નિશાળ
પવન ઘુંટાવે અક્ષર ઝાલી મધુમાલતીની ડાળ.

# પાંખડી

ખૂલી ગઈ આ પાંદડી
કોની અગોચર આંખડી?

સંકેલીને એનીમહીં ગોપ્યું હતું આકાશ?
શું એ જ ઊઘડી વિસ્તર્યું? કેવું મધુરું હાસ!
તુષારકેરી મંજૂષામાં સાચવ્યો'તો જે સૂરજ,
એ જ આંજે તેજથી આ સૃષ્ટિને?
કેવું અહો અચરજ!
આ હવા આળોટી એની ગોદમાં,
આવી બનીને મત્ત સૌરભ મોદમાં?
ઘૂઘવે વિહ્વળ બની સાગર,
એ ગુપ્ત એના અશ્રુનો આકર?
અગ્નિની આ દીપ્ત કાન્તિ,
એના હૃદયની ગૂઢ એ ઘૂંટેલ શાન્તિ?
મર્મમાં એના ઊંડે જે ગુલાલ,
બ્રહ્માણ્ડ આખું એ વડે છે ખુશખુશાલ!

ખૂલી ગઈ આ આંખડી,
કો’ અગોચર પદ્મની શું પાંખડી?

# લહરી

ના, ના, કશું એ તો નથી,
રાત આખી બોલવા કોઈ મથી
થાકી ગયું,
માત્ર એના મૌનનો અણસાર;
કે દિશાને ઉમ્બરે
ગઈ કાલનું જે ઠોકરાયું પ્રેત
તેનો હશે આ રક્ત તિરસ્કાર?
કે તેજનાં કિરણોતણી આ બાણશય્યા
પર સૂતેલા નીલ નભના હોઠનો સિસકાર?
કે પછી અન્ધારકેરા દરમહીંથી
છેડાઈ છંછેડાઈને માંડી ફણા આ સૂરજે –
એનો હશે ફુત્કાર?
કે તુષાર
પર્ણપર્ણે જાય મૂકી કેટલાં કોમળ
અનુસ્વાર?
કે ફોડી ઈંડું મૃત્યુનું
જીવનશાવક નીકળે છે બહાર

તેના પ્રથમ ઉચ્છ્વાસનો આ સાર?
ઊગી સવાર?

# ગ્રીષ્મની બપોર

બપોર,
નિસ્તબ્ધ અલસતા ચારે કોર.

શિરીષ ઊભાં ગન્ધવિભોર,
લીમડે લીમડે
મંજરીઓનો શોરબકોર!

અધબીડી દિશાની આંખ,
પંખીઓએ બીડી પાંખ;
ઘૂઘૂઘૂઘૂ ઘૂઘવે હોલો,
ખોલો, ખોલો, દ્વાર ખોલો.

તરુએ તરુએ
છાયાની ગુંથાતી ભાત –
કોના દિલની છાની વાત?
લહરે લહરે ઊના નિસાસા,
કોણે સાવ મૂકી છે આશા?
પુંસક તામ્ર દીસે અવકાશ,

કો’ પુંગવનો વીર્યપ્રકાશ?
કાચીંડો કાઢે ઉદ્‌ગાર:
તેજતણો આ શો વિસ્તાર?
ટચૂકડી કૂંપળની શિરાએ
આજ ગગનનો રસ છલકાયે.
કળીઓ કેરાં કૂમળાં વદન,
સૂરજનું એ કરે આચમન.
ઊંડા કૂવાનાં શીળાં નીર,
શાન્તિનાં ત્યાં ફરકે ચીર.

સોનેરી આ હરણું દોડે–
લંકાનગરી ફરી ભડભડે?

# સૂર્ય અને ચન્દ્ર

### સૂર્ય

થાકી ગયો મધ્યાહ્નનો સૂરજ
તેજની ડંફાશના બોજાથકી;
જૂઇની કળીને ખભે
ટેકવી માથું શિશુશો ઢળી પડ્યો!

### ચન્દ્ર

અવાવરુ વાવતણે ઊંડાણે
આ લીલની ઝૂલભરેલ શાન્તિ;
એ ઓઢી પોઢ્યો શિશુ શો અહીં શશી,
સ્વપ્નો ગૂંથે રેશમી ભાત રે કશી!

# થોડાંક ફૂલ

## મધુમાલતી

મધુમાલતી!
પુષ્પમુખે તું હજુ મુજ બાળપણની વાણીને ઉચ્ચારતી.

અનાથ મારી દૃષ્ટિ માને ચાર બાજુ શોધતી,
આશ્વાસવા ત્યારે શીળી તું હરિત ગોદ બિછાવતી.

તાતા સૂરજને તું શીળો અમને કરીને આપતી,
પોશપોશે શિશુમુખે તું ચાંદની ટપકાવતી.

તારી ઘટામાંથી જ નીંદર સ્વપ્ન લઈને આવતી,
તુજ પાંદડીએ ચરણચિહ્નો સૌ પરીઓ આંકતી.

સ્વરવર્ણવ્યંજન બાળપણનાં તું સદા ગોખાવતી,
મારા જીવનની તું જ પ્રથમા કાવ્યપંક્તિ રસવતી.

આજ પણ મુજ બાલ્યવય સાથે રહી તું મ્હાલતી,
મારા હૃદયને એ શિશુને કાજ તું ઝુરાવતી.

નિઃશ્વાસ મારા તોય સુરભિત તાહરા ઉચ્છ્વાસથી,
મૃત્યુ ય મારે આંગણે પગ મૂકવાને યાચશે તુજ સંમતિ,
મધુમાલતી!

## ચમેલી, જૂઇ, જાઇ

ઊતરી’તી ત્રણ પરીઓ ના’વા,
કાંઠે ત્યાં કો’ બેઠું ગાવા;
સુધબુધ ભૂલી ત્રણે બિચારી,
સવાર થઈ ને નાઠી સફાળી.
ઓઢણી સૌની અહીં ભુલાઈ,
તે જ ચમેલી ને જૂઇ જાઇ!

## મોગરો

જુઓ જુઓ તો, મેં કાઢ્યું છે ગોતી
આરસધોળી સુવાસકેરું આ ઘૂંટેલું મોતી!

## ચૈત્રમાં પારિજાત

બળતી બપોર હતી ચૈતરની ચારેકોર,
એથી વધુ બળતો’તો મારો રોષ કાંઈ ઓર.

કશો સ્હેજ સરખોયે તેં ના કર્યો પ્રતિરોધ,
સ્તબ્ધ ને અવાક્ બની ઝીલ્યે ગઈ શબ્દધોધ.

નીચે ઢળી પાંપણો ત્યાં ઊંચી થઈ એકાએક,
આશ્ચર્યની ચમકથી દૈન્ય ચાલી ગયું છેક.

બોલી ઊઠી આનન્દે તું: ‘જુઓ જુઓ, પારિજાત!
ચૈતરમાં પારિજાત? અહો શી અદ્‌ભુત વાત!’

કેસરી દાંડીએ ઝીલ્યો આકાશી આનન્દ,
કષાય રોષને ધોઈ હસતી તું મન્દ મન્દ.

હું ય હસી પડી બોલ્યો, કરીને કટાક્ષપાત:
‘હું બળતો ચૈતર તો તું છો મારું પારિજાત!’

## ગુલમોર

આ કોણ આજે
આકાશની નીલ શિલાસરાણે
કાઢી રહ્યું કાળની તીક્ષ્ણ ધાર?
સ્ફુલંગિ જે ઊડી રહ્યા ચતુર્દિકે
ખીલ્યા અહીં તે ગુલમોર થૈને?

## ગુલાબ

આફતાબનો રૂઆબ,
મહેતાબકેરું ખ્વાબ –
બે મળી બન્યું ગુલાબ.

# પ્રણયીની ચાટુ ઉક્તિ

છતી થઈ ગઈ વાત

ચાલી જતી આ રાત –
જાંબુડાંનાં ઝૂંડમાં થઈ
સંકોરી અંગો ગઈ સરી
તળાવડીને તળિયે;

કાયાપલટ જળમાં કરીને નીકળી બહાર,
ત્યાં અર્ધજાગ્યાં પંખીઓની ખૂલતી'તી પાંખ;
એની વચ્ચે ગઈ લપાઈ,
પંખી ઊડ્યાં
ને એ
ગઈ વેરાઈ!
ક્યાં ગઈ?
જોઉં ચારે પાસ ત્યાં...

મારી જ પડખે પાંખ શાં ખૂલી ગયાં બે પોપચાં,
ચમકી ઊઠ્યા બે તારલા;

છતી થઈ ગઈ વાતઃ
ચાલી ગઈ ક્યાં રાત!

# સન્દિગ્ધતા

ચન્દ્રનો સન્દિગ્ધ સ્પર્શ –
થાય એથી હર્ષ
કે વિમર્ષ?

સૂર્યે બતાવી જે હતી સૃષ્ટિ
તે જ આ? શંકા કરે દૃષ્ટિ.

કોની અરે આ અંગુલિ
નામચિહ્નોની કરે છે ફેરબદલી?

ભોળી મારી પ્રેયસી
માની મને કો' પરપુરુષ ના સ્પર્શતી, જાતી ખસી!

ને એ ય જાણે અન્ય કોઈ કાળની
માલવિકા?
માયાતણી કે મરીચિકા?

આ ચન્દ્રની સન્દિગ્ધતા –
એથી ઊગરવાની હશે કો’ શક્યતા?

# શી રીતે?

હું તો પડ્યો રહ્યો જ હોત
જીર્ણ અવશેષ શો
દટાઈને ભૂગર્ભમાં;
શકુન્તલાની મુદ્રિકા શો
સરી પડ્યો હોત;

પેટાળમાં સમુદ્રના
ડૂબી ગયેલા કો' ખજાના શો
કાટ ખાતો હોત;

આદિ સમયના પ્રાણીના
અસ્થિ સમો
કાળની સાથે ઘસાઈ
તીક્ષ્ણ ને તીક્ષ્ણ
થયે ગયો હોત.

સાચું કહું:

તારી દૃષ્ટિએ કદી
હું પડ્યો ન હોત –

કોણ જાણે...
આ સ્હેજસરખી ચાંદની
ઉચ્છ્વાસની આ સ્હેજસરખી ઉષ્ણતા
દૃષ્ટિની રે સ્હેજસરખી વક્રતા –
વિફરી ગયો ધબકારનો રે લય?
ચારે સીમાઓનો સમૂળો લય?

એવું કશું જઈ વિસ્તર્યું
કેમે ય રોક્યું ના ગયું!

... ને જોઉં છું તો
ખેંચાઈ આવી તુંય તે –
પૂછું તનેઃ
શી રીતે?

# કપોલકલ્પિત

ના ના, પ્રિયે, હાલીશ ના જરા ય –
કપોલની મસૃણ રક્તિમા પરે
ઉતારવા થાક પડી ઘડીક
કો'ઓલવાયા ગ્રહ કેરી આહ!

આશ્ચર્યથી સ્તબ્ધ રહું નિહાળી:
આકાશી થાશે અહીં શી ચમત્કૃતિ?
એ ધારશે શું નવી કોઈ આકૃતિ
તારા કપોલે?

...ભયથી છળી મરી
ચૂમી લઉં છું તુજને ફરી ફરી!

# નક્ષત્રોદય

બોલેલ મારો લઘુ એક શબ્દ
એના ખગોળે અથડાઈ ફાટ્યો;
અસંખ્ય સૂર્યોતણી ઉષ્ણ બાષ્પ
ફેલાઈ એના અવકાશમાં ને
ધીમે ઝમી પાંપણની ક્ષિતિજે
નક્ષત્ર નાનું ચમકી ઊઠ્યું ત્યાં.
આશ્ચર્યથી જોઈ રહ્યો હું એને:
નક્ષત્રોનો ઉદય શું થશે શબ્દશબ્દે જ આમ?

# હઠ

બોલવા હું ના ચહું,
દાટ્યા ચરુ શા હૃદય પર હું નાગ શો બેઠો રહું.
શબ્દ સાથે શબ્દ ટકરાઈ કદી તણખા ઝરે
ફુત્કારથી તો હું બુઝાવું, છેડી સૂતા સર્પને.

કૂંપળો શા શબ્દ કો ખીલી ઊઠે છે જો કદા
એને તમારી હિમદૃષ્ટિ પાસ મૂકું છું તદા.

પતંગિયાં શાં જો ઊડી રંગીન પાંખો એ પસારે
તો તમારાં મૌનના કંટક થકી હું વીંધું છું એમને.

શઢને ફુલાવી સાગરે નીકળી પડે જો નાવ શા
મારી જ હઠના ખડક સાથે તો કરું ચૂરેચૂરા.

કો' જળપરીની આંખમાં સપનાં સમાં સ્ફુરે કદી
વડવાનલ શો પ્રજાળું હું જ જાતે જઈ ધખી.

પણ જો તમારા હૃદયમાં એ સ્પન્દ થૈ ધબકી રહે
તો જાણું ના એ વજ્રને ઓગાળવું શા અગ્નિએ!

# તારો પત્ર

તારો પ્રિયે, આ પત્ર
આપણા રે વિરહ પર ઊભો ધરી શો છત્ર!

# હું

અંધારની રણરેતમાં
મૃત ચન્દ્રકેરા પ્રેત શો ભમતો ફરું;

પવનનાં આ હાડ તીણાંની સરાણે
બુઠ્ઠાં થયેલાં શૂન્યની રે ધાર હું કાઢ્યા કરું;

તેજના મૃગજળતણે તળિયે જઈ
મારી છાયા ઊતરડી ડુબાડવાને હું મથું;

મૂચ્છિર્ત ઈશ્વરની લૂખી આંખો નિચોવી
આ મુમૂર્ષુ કાળના રે મુખમાં ટોયા કરું.

# સૂર્યા

ઘુવડની આંખોમાં ઘુંટાઈને
અન્ધકારનું ટપકું બનેલા સૂર્યનું
લાવ તને કાજળ આંજું;

મધ્યાહ્‌ને પોતાનો પડછાયો શોધતા
એકાકી સૂર્યની આંખમાં ઝમેલા બળબળતા મોતીની
લાવ તને નથ પહેરાવું;

આદિકાળના જળની નગ્નતાના સ્પર્શે
સૂર્યને થયેલા રોમાંચનું
લાવ તને પાનેતર પહેરાવું;

અન્ધકારના ઉદરમાં નહિ જન્મેલા
લાખ્ખો સૂર્યના અધીરા સિત્કારનાં
લાવ તને ઝાંઝર પહેરાવું;

સાંજ વેળાએ સૂર્યનો પરપોટો ફૂટી જતાં

મુક્ત થતી રક્ત શૂન્યતામાં
લાવ તને ઢબૂરી દઉં.

# અમારું ઘર

આ છે અમારું ઘર,
જ્યાં સદા ચાલી રહી હરફર
ત્રણચાર પડછાયા તણી –

(ત્રણ ચાર? હા, કાં કે મને ક્યાં છે ખબર
કે કોણ ક્યારે અધમૂઉં
ને કોણ ક્યારે લાપતા!)

પેલે ખૂણે દેખાય છે અન્ધારમાં તમને કશું?
અન્ધારના કો' પિંડ શું?

હા, એ જ છું હું –
(હું? અરે, શાને કહું કે એ જ છું હું?
કાતિલ ઠંડીમાં પડ્યું ઢગલો થઈ કો' કૂતરું,
માલિક જેનું કોઈ ના એવું પડ્યું કો' પોટલું.)

આ માટીના ગારા પરે મમતાતણા થાપા,
તેથી અહીં ભાવીતણું સર્જાય હારાપ્પા!

અવશેષ કોઈ ખોદવાના હો ભલા, સદીઓ પછી
ના ધાર તીણી રાખશો કોદાળીની એ વિનતી!
કાં કે અરે, આ માટીની યે કોઈને મમતા હતી!
ના ખોદશો તો કો'ક દિ
અન્ધારકેરા ગર્ભમાં પોષાઈ એને લાધશે દીપ્તિ નવી
નક્ષત્રકેરી મંડળીમાં પામશે પદવી –
(બસ, આટલેથી વાત બાકી રાખવી!)
ને ત્યાં ધખે જે ધૂંધવાતી આગ શી
હા, એ જ મારી પ્રેયસી.
(એ અમારી મિલની છે ચીમની
પાડી ઊઠીને ચીસ એ ક્હેતી રહે: હું જીવતી.)

આવી પડે તણખા અહીં તો દૂરથી
ને સાંકડા આ ઘરમહીં
હિરોશિમા નાગાસાકી –
ધીમે જરા પગ મૂકજો
(મૂકવા જો હોય તો)
કાં કે અમે સૌ રેડિયો-એક્ટિવ અહીં.
ભાગો જરા દૂર...

આ જુઓ ફરકી ધજા...
દોડી જતાં એન્જિન વેગે, શી મજા!
આ જાય દિલ્હી, આ કલકત્તા, ને આ ક્યહીં?
એની ખબર તો માત્ર ડ્રાયવરને ભઈ!

આ ઊપડ્યું કોમેટ,

આ ધણધણ્યું રે જેટ;
સંદેશ નક્ષત્રો સુધી પહોંચે અમારા રોજરોજ,
ત્યાંથી ય આવે સ્વપ્નની આખી અહીં શી ફોજ!

આ બે અમે—અસ્તિત્વના ભંગાર શા,
તેના પરે ખેલી રહ્યાં આ સોણલાં નમણાં કશાં!
(રે ક્યાં ગઈ સોનપરી?
ભૂલાં પડ્યાં આ સોણલાંને તું ન ખોળે લે જરી?)

થાક્યા તમે? યાદી હજી ના થૈ પૂરી,
આ તીર્થની યાત્રા હજી તો છે અધૂરી!

# રોજ રાતે –

રોજ રાતે જોઉં છું:
ગામને પાદર ઊભેલાં આમલીનાં ઝુંડમાંથી
કે અસ્થિપિંજર લઈ ખડાં ખંડેરમાંથી
કે અષ્ટકોણી વાવના પાતાળમાંથી
કે દૂરના વનના ઘૂંટ્યા અન્ધારમાંથી
કે ચન્દ્રના લાંછનમહીંથી
કે પછી મારી જ છાયાની પછીતેથી
ચાલી આવે કો' મૂંગી વણઝાર
ઉન્નિદ્ર આંખે હું ગણું, આવે ન એનો પાર!
ચ્હેરા ભૂંસેલા સર્વના, ના વાણીનો ઉચ્ચાર,
કેવળ કણસતા મૌનનો આછેતરો સિસકાર.
હીબકાં ભરતી હવાનો ધૂંધળો અણસાર,
છેક તળિયે જાય ખેંચી કોઈના નિઃશ્વાસનો રે ભાર!
રન્ધ્રરન્ધ્રે પ્રસરતો શો ધૂસર અત્યાચાર –
શું સૂર્ય પણ કાલે બિચારો રાંકડો લાચાર?

# હું <u>સાંભળું છું</u> –

હું સાંભળું છું
શબ્દ:
વસૂકી ગયેલી ગાયનાં ચિમળાયેલાં આંચળ,
કીટથી કોરાયેલું બોદું બહેરું ફળ;
ડૂબી ચૂકેલા વ્હાણના છેદાયેલા લંગરતણો
જલગર્ભમાં નિ:શ્વાસ;
નિ:સંગ શિલાસોડમાં પડખું ઘસીને
પવન કરતો લવલવાટ;
પણ્યાંગનાની આંખમાં
સુરમો કકરતો આખી રાત;
અંગે નપુંસકના બળે
ભડભડ સદા યે વાસનાની આગ;
લાખ્ખો અદીઠ દાઢે ચવાતા
ચૂર્ણ આ અન્ધારકેરો આર્તનાદ;
સૂર્યઘુવડના અવાજે ચોંકતી
મધરાતનાં રે થરકતાં ગાત.

# ચાર અન્ધકાર

નો’તી થઈ સવાર;
અમથો જ રસ્તે મારતો’તો લટાર,
ભેટી ગયા ત્યાં તો મને ચાર
અન્ધકાર.

ત્રસ્ત ભીરુ
વળી જઈને કોકડું
ઊભો હતો એક –
છોકરડા શો છેક!

છુપાવાને શોધતો ખૂણો,
મારી સામે જોઈ રહ્યો દયામણો.
સામે સુરસાગરનાં પાણી
ત્યાં મેં એને ખેંચ્યો આણી.
તળાવતળિયે
જળને ખોળે
પોઢ્યો એક દુલારો

છોડ્યો જેણે શોધવો આરો.
(એની) છાતીએ ચાંપ્યો કાગળ,
અક્ષરઓથે છુપાયાં'તાં અન્ધકારનાં દળ.

છોકરડાને મેં હડસેલ્યો
અક્ષર ભેગો જઈ એ ભળ્યો.

બીજો જૈફ હતો ખંધો
એનો તો આ જૂનો ધંધો!
લપાવાનાં સૌ જાણે ઠામ,
ચિન્તા ન એને ક્યાં કરવો મુકામ.
નગર વચોવચ બેઠા ગાંધી,
એની પાછળ અંધારની આંધી;
ત્યાં આ જૈફતણો નિવાસ
બારે માસ.

ત્રીજાની થૈ કપરી દશા
મદદે ધાઈ ત્યાં વેશ્યા આયેશા.
આવી ચઢ્યો'તો છેલ્લો ઘરાક,
બેઠી આંજવા કાજળ જરાક;
ભળી ગયો ત્રીજો એ સાથ,
એને આંસુનો સંગાથ.

ચોથો બિચારો ફરે આથડે,
આશ્રય એને ક્યાંય ના જડે!
(ત્યાં) મળી અમારી દૃષ્ટોદૃષ્ટ
એને ઓળખી લીધો મેં ઝટ:

માના ગર્ભમહીં નવ માસ
એની સાથ કીધો'તો વાસ.
(વળી) હમણાંનું કો' દુ:ખ હરાયું
હૈયે આવી બેઠું રઘવાયું;
બોલાવી લીધો મેં ઉર અન્ધાર
ભેગા થયા બે જાણે યાર.

(આમ) ચારેચારની થઈ સદ્ગતિ,
વાત તેની આ કરી યથામતિ.

# ત્રિજ્યા

દૂરના વર્તુળની ત્રિજ્યા સમેટી ગઈ મને,
કૈં કેટલી યે સ્પર્શરેખા વિસ્તરે ચારે દિશે:

મારી જંઘાથી વહેતાં શોણિતે ધોતો દીઠો
દ્રૌપદીની સાડીઓને મેં દુઃશાસન;

મારી શિરાઓને ઉતરડી અર્જુન
ગાંડીવકેરી પણછ કરતો તંગ;

મારાં જ તીણાં અસ્થિની આ બાણશય્યાની ઉપર
હું સૂતો છું ભીષ્મ સાથે રે સદાયે;

મારા જ નિઃશ્વાસે ઘડ્યો'તો શાપ જે ગાંધારીએ
આજે ય તે વીંધ્યા કરે છે કૃષ્ણને;

દ્રોણસુતની સાથ હું યે જુગજુગે ભમતો ફરું,
દૂઝતા વ્રણની ચિરંજીવતા સદા વેઠ્યા કરું.

# બિન્દુ

હું શૂન્યમાં કૈં ન્યાળતો બેઠો હતો,
ત્યાં અજાણ્યા સ્પર્શથી ચોંકી ઊઠ્યો:
ભૂલું પડેલું બિન્દુ કો' આષાઢકેરી વૃષ્ટિનું –
પેલા વિયોગી યક્ષની કાન્તાતણું અશ્રુ,
કે સ્વર્ગના કારાગૃહે
આ ધરાને કાજ ઘેલી ઝૂરતી એ ઉર્વશીનું
નાસી છૂટેલું ભોળું કો' સપનું –
આવી ઝિલાયું મસ્તકે,
ને અજાણ્યા દર્દના સળકે
અંગાંગમાં વ્યાપી ગયો શો કમ્પ,
આ મૂર્ખ હૈયાને વળે શાનો પછી તે જંપ!

# એ નાનું શું બિન્દુ –

અજ્ઞાત કો’ બ્રહ્માણ્ડનો શો ઘૂઘવે સિન્ધુ!
નિષ્પલક નક્ષત્રની એમાં પ્રતીક્ષા છે ભળી,
નીલિમાના ઉરકેરી ગુપ્ત વાતો યે કશી
ઘૂમી વળીને લોહીમાં ફેલાવતી આંધી;
એના પ્રપાતે ભાંગતી જોઈ રહું કૈં સૃષ્ટિઓ મારી,
પ્રવાલકેરા દ્વીપની કો’ કન્યકા શોકાતુરા,
બાષ્પની લિપિમહીં સંદેશ મોકલતી સદા;
તે આવીને બોલી ગયા આ સ્પર્શથી વાચા કશી
જાણ્યા વિના રે મર્મ એનો હૈયું ક્યાં જતું ધસી!

આ વૃષ્ટિની ધારા તણી સિતાર,
ને વાયુની આ અંગુલિઓ શી છેડી દે સૌ તાર!
ગોરંભતો શો ઘૂમી હે પૃથ્વીનભે મલ્હાર
કે ઉરને કેમે કર્યો યે ના વળે કરાર!
ધીમે સરંતો ક્યાંકથી આછેતરો નિઃશ્વાસ,
જેવી વહે અંધારમાં કો’ પુષ્પની આછી સુવાસ;

ને હૈયું ખોઈ બેસતું પોતામહીં વિશ્વાસ,
દુસ્સાહસો લાખોતણી જાગી ઊઠે રે આશ!

આ શુષ્ક ને ઊષર ભૂમિ,
જેમાં દટાઈને પડેલાં બીજનાં ભૂતો રહ્યાં'તાં રે ઘૂમી
આકાશકેરા સ્પર્શનો શો હર્ષ ત્યાં આવ્યો નમી
કે પ્રાણની હરિતાર્દ્ર શોભા ધારતી એ હેં ઝૂમી.

તૃણાંકુરોના દીપ લાખ્ખોની રચાઈ આરતી,
ને મેઘને મુખે સુણું આદિકવિની ભારતી.

# ચૈત્રરાતે

ચૈત્રરાતે ચાંદની
એના મૃદુ કરથી લખી ગઈ
આ દેહ પર શા લેખ
તે અંગઅંગે ફેરવીને અંગુલિ
કુતૂહલથકી ઊકેલવા બેઠો પવન,
એ સ્પર્શસુખે આ સવારે હું મગન.

# લાગટ હેલી પછી તડકો

અસાવધ વિધાતાની ઝોળીમાંથી
કોઈકના ભાવિ સુખતણો ખંડ
પડી ગયો મારે આંગણિયે;
શોધાશોધ થશે એની તરત તે જાણું,
તો ય અધઘડી એનો દૃષ્ટિભોગ માણું.

# ચાર વિડમ્બના

### ૧. કોલાબા પર સૂર્યોદય

દેખાતા ભડકા પણે પૂરવમાં ટ્રોમ્બે રિફાઇનરી-
કેરા કે પછી શું ખરે ઉદય આ થાતો હશે સૂર્યનો?
નિદ્રાથી કલુષિત નેત્ર ઘડી તો સાશંક જોઈ રહે;
ચેપી રોગ સમો શનૈઃ સ્થિર પદે વિસ્તાર એનો વધે.

આખી રાતતણા પરિશ્રમ પછી મર્દાયલાં ગાત્રને
જ્યાંત્યાંથી લઈને સમેટી ઢગલો થૈને પડી માંડ જે
તેની પાંપણને વીંધે કિરણનાં તાતાં શૂળો નિર્દય;
ને એના મુખથી સરે 'ટળ અલ્યા હેવાન'નું સ્વાગત.

કાંઠાપે ભરતીમહીં વહી જઈ ફેંકાઈ જે માછલી
તેની નિષ્પ્રભ આંખમાં ચમક શી લાવી દીધી પ્રાણની.
માર્કેટે પળતાં હલાલ પશુઓ લોહીમહીં લદ્‌બદ
સોનેરી નિજ ઝાંયથી મઢી કશી તેને દીધી સમ્પદ.

અંધારે જઈ ઓગળી પળ લહી મુક્તિ અનસ્તિત્વની,
તે ખોઈ ફરી ‘હું’ ફસાય કપરા આકાર કારાગૃહે.

## ૨. સંક્ષિપ્ત રામાયણ

કથા સુણાવું રામાયણની ભાવિક જનને કાજે,
હૃદયહૃદયમાં ગુંજી ઊઠો રઘુપતિ રાઘવ રાજે.

નગરી અયોધ્યાતણો નથી કૈં જોજનનો વિસ્તાર,
સાંકડી બે ઓરડીમાં તો યે મહિમા એનો અપરંપાર.

હું જ રામ ને હું છું રાવણ, કૌતુક ભાઈ ભારે!
લંકા યે ના દૂર નથી કૈં – આ ઉમ્બરની પારે.

બે ઓરડીની વચ્ચે વ્યાપ્યો મૌનતણો મહાસાગર,
સેતુઓ બંધાય ખરા પણ રહે નહિ કો સ્થાવર.

સીતાકેરી અગ્નિપરીક્ષા થાતી રોજ સવારે,
એ બાબતમાં આળસ કદી યે કર્યું નથી આ રામે.

રાત પડે ને દણ્ડકવનમાં પલટે આ સંસાર,
હિંસક પશુની રાતી જીભનો દેખાતો લપકાર.

‘નાનકડા આ ઘરમાં ભાઈ, દેશવટાનું શું?’
દેશવટો તો રોજ દઉં છું, રાખી અંતર એક તસુ.

લવકુશની ના ખોટ છે અમને, છે બે પુત્ર પ્રતાપી,
પરાક્રમોની કીર્તિ જેની દિશાદિશાએ વ્યાપી.

સ્ટ્રોન્શિયમ નેવું ને કેલ્શિયમ ડેફિસિયન્સી –
અદૃશ્ય એવા શત્રુ સાથે જેણે બાથ ભિડાવી.

રક્તતણા કણકણમાં જેના પળપળ ચાલે જુદ્ધ,
એની વીરતા વર્ણવવાને ઓછી પડે છે બુધ્ય.
રામાયણના કાણ્ડ ઘણા છે, સુજ્ઞ જનો સૌ જાણે;
યુદ્ધ અરણ્ય એ બે જ કાણ્ડનો અહીં તો મહિમા ભારે.

ઘરઘરમાં રાજ કરે છે રામ ને ઘરઘરમાં ત્યાગ સીતાનો
રામાયણમાં હતું બીજું શું, બોલો જય વાલ્મીકિનો.

### ૩. એક સંવાદ

‘નથી આવતી એકલી કદી તું વ્હાલી મારી રાધા,
સદા ય વળગેલી જ રહે છે તને પ્રાસની બાધા!’

‘પ્રાસ તણો એ ત્રાસ તને યે ક્યાં છોડે છે માધા?
પ્રેમતણા વજ્જર બંધનના ઢીલા કર્યા સૌ સાંધા!’

‘મહેરામણમાં પ્રેમતણા જે ડૂબ્યા નથી રે આઘાં
એવાં શાને ગાતાં ગીતો, જેનાં સલિલ અગાધાં?’

### ૪. હું નથી કવિ

હું નથી કવિ,
વેદના સ્ફુરે મને (ન કલ્પના) નવી નવી
તથાપિ ના હું વાલ્મીકિ,
જાણું છું નકી.

ચન્દ્રને હું જોઉં છું,
ને ઘરે હું નારીને ય જોઉં છું;
ને છતાં ન જોડી હું શકું
નારીચન્દ્રને,
મને!
દિવસરાતનો બધા કહે મળે છ પ્રાસ,
મેળ મેળવ્યા વિના હું કિન્તુ રે લઉં છ શ્વાસ;
ચરણો ય ચાલતાં હજુ સુધી મળ્યો ન પ્રાસ –
જાણતો હું પ્રાસ માત્ર ત્રાસ.

મહુડાનો મદિર પ્રલાપ,
કેસૂડાનો રંગીન આલાપ,
અબીલ ને ગુલાલની રચાય છે દ્વિપદી,
નથી જડી માત્રા મને એક્કે ય રે એની હજી!

આકાશનું મૌન આ વિશાળ,
કુસુમે કુસુમે ઝરી રચ્યાં કરે મોતીમાળ;
એને ગૂંથવાને હજી સ્રગ્ધરાની નથી મળી ભાળ!

હું જ માત્ર રહ્યો લઘુ,
શોધ્યા ના જડતા ગુરુ!
નથી જડ્યો એક્કેય અક્ષર,
પડઘા કો પાડી રહ્યું: નશ્વર! નશ્વર!
કશી માત્રા, કશો મેળ?
બંધ થવા આવ્યો ખેલ.

હિરોશિમા નાગાસાકી તણો માત્ર રહ્યો પ્રાસ,
શોક અને શ્લોક જોડવાની હવે નથી આશ!

મરણના યતિભંગે જીવનનો શ્લોકભંગ –
નાડીનક્ષત્રનો છન્દ?
કોઈ રચી ગયું ફંદ!
શોધ્યો જડે નહિ લય,
સર્ગબદ્ધ રચે કો પ્રલય.

કોણ એનો થવા ચાહે મહાકવિ?
હું તો નથી કવિ.

# પ્રલય

મોટેરાંઓ અમે બધાં એક દિન વાતે વળ્યાં,
સૃષ્ટિના પ્રલયતણી અટકળે સહુ ચઢ્યાં:
અમુક વરસ પછી ઠરી જાશે આ સૂરજ,
કોઈ જીવશે ના ત્યારે, કેવું ભારે અચરજ!
દાદા હસ્યા, દાદી હસ્યાં, મજા ભારે પડી,
એકાએક રડી ઊઠી કીકી મારી ટબૂકડી!
'શું છે બેટા? થયું છે શું? કહે શાને રડે?'
પૂછતો હું જાઉં તેમ ડૂમો એને ભારે ચઢે.
નાનકડા બે હાથે એ ઢીંગલીને ઢાંકે,
બોલવાને જાય કશું, બોલી જ ના શકે.
'ઢીંગલીનું તો શું થશે?' બોલી એ ત્રુટક,
ફરી આંસુ વહી રહ્યાં ડબક ડબક!
ઉષ્ણ એના નિ:શ્વાસની આંચે
લાખ સૂર્ય સળગી શું નહિ ઊઠે સાચે?

**આનો પુરોગામી કાવ્યસંગ્રહ 'ઉપજાતિ' હવેથી રદ ગણવો.**